# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૪/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# અભિગમથી જ ઊંચાઇ (સફળતા) પ્રાપ્ત થઇ શકે : સ્વામી જ્ઞાનવત્સલજી

## ચેમ્બર દ્વારા 'એટીટયુટ ઇઝ અલ્ટીટયુડ અ ડિસ્કવરી' વિશે વેબિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૩ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ 'એટીટયુડ ઇઝ અલ્ટીટયુડ અ ડિસ્કવરી' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વક્તા તરીકે બાપ્સ સ્વામીનારાયણ સંસ્થાના જ્ઞાનવત્સલજી સ્વામીએ વ્યકિતના જીવનના તમામ પાસા જેવાં કે બાળપણ, વિદ્યાર્થી કાળ, કારકિર્દીનો સમય અને વ્યકિતગત જીવન કે વ્યવહારિક જીવનમાં અભિગમ કેવો હોવો જોઇએ ? તે વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

સ્વામી જ્ઞાનવત્સલજીએ અભિગમ વિશે સમજણ આપવા માટે એવરેસ્ટને સર કરનાર એડમન હિલેરીએ એવરેસ્ટને જોઇને બોલેલા શબ્દો વર્ણવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, એવરેસ્ટ ઉપર ચઢવા માટે પ્રથમ પ્રયાસે નિષ્ફળ ગયેલા એડમન હિલેરી એવરેસ્ટને જોઇને કહે છે કે, હું ફરી વખત આવીશ અને તારી ટોચ સુધી ચઢીશ. પર્વત તરીકે તું વિકાસ કરી નથી શકતો, તું જડ છે પણ હું મનુષ્ય છું, મારામાં વિકાસની શકયતા રહેલી છે. હું વિકાસને પામીશ અને તને પામીશ. હું બુદ્ધિ, આવડત, હોંશિયારી અને અનુભવથી સફળતાને પામી શકી છું. વિકાસને એટલે કે ઊંચાઇને પામી શકું છું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રવર્તમાન સંજોગોમાં કોરોના વાયરસની જે વિકટ સ્થિતિ સર્જાઇ છે તેની ઉપર પણ મનુષ્ય જીત મેળવી લેશે. વાયરસને કારણે ભલે અવરોધો આવે અને જાનમાલની હાની થાય પણ આખરે જીત તો હંમેશા મનુષ્યની જ થાય છે. મનુષ્ય પ્રયત્ન કરશે તો ઇશ્વરકૃપા ઉતરશે અને સંજોગો અનુકુળ થઇ જશે. તેમણે કહયું કે, જો તમે નિઃસ્વાર્થ ભાવે લોકોને મદદ કરશો તો ભગવાન તમારી સાથે રહેશે અને તમારા હસ્તે સારા કામો થઇ શકે છે.

સ્વામી જ્ઞાનવત્સલજીએ જણાવ્યું હતું કે, વ્યકિતગત જીવન હોય કે વ્યવહારીક જીવન પણ અભિગમથી જ વ્યકિતને ઉંચાઇ પ્રાપ્ત થાય છે. સફળતા માટે વ્યકિતનું ભણતર, જ્ઞાન, આવડત, હોંશિયારી અને અનુભવ ૨૦ ટકા કામ લાગે છે. જ્યારે ૮૦ ટકા સફળતા તમારા અભિગમ ઉપર નિર્ભર કરે છે. જીવનમાં વ્યકિત સાથેનો અભિગમ, કાર્યો સાથેનો અભિગમ, સંજોગો અને પરિસ્થિતિ સાથેનો અભિગમ આ દરેક બાબતમાં તમારો અભિગમ જ મહત્વનો ભાગ ભજવે છે. તમારો અભિગમ સ્પષ્ટ હશે તો કપરી પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકો છો. વિશ્વમાં અદ્વિતિય કાર્યો કરનારા લોકોનો અભિગમ હંમેશા ઉંચો હતો.

તેમણે વધુમાં કહયું હતું કે, વ્યકિતગત જીવનમાં હંમેશા સમૃદ્ધતા વિચારવી પણ કોઇ દિવસ ગરીબાઇ ન વિચારવી. પોતાનામાં સારો બદલાવ લાવવા માટે શું કરી શકાય? તેના માટે વિચારો. લોકો સમક્ષ વ્યકત થવાની રીત, તેમની સાથે વાત કરવાની અને શબ્દોના ઉપયોગ વિશે વિચારો. રોજ રાત્રે પુસ્તકના બે પાના વાંચીનો ઉંઘો, એ તમારું વ્યકિતત્વ અને ચારિત્ર્ય બદલી નાંખશે.

વિદ્યાર્થી અભિગમ વિશે તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીએ માત્ર સારામાં સારો અભ્યાસ કરવાનો અભિગમ રાખવો જોઇએ. સારા અભ્યાસ થકી તેમની સારી કારકિર્દી બનશે. જેથી તેઓ સમાજને પણ ઉપયોગી થઇ શકશો અને દેશની ઇકોનોમીને આગળ વધારવા માટે મદદરૂપ થઇ શકશો. પરિવારની દૃષ્ટિએ પણ તમારા અભિગમ એકદમ સ્પષ્ટ હોવા જોઇએ. દુનિયાની સૌથી ધનાઢય વ્યકિત પણ સમય પર ઓફિસમાંથી નીકળી જ જાય છે. આથી સંતોષની રેખા બાંધીને પરિવારને કવોલિટી અને કવોન્ટીટી સમય આપવાનો અભિગમ રાખો.

સ્વામી જ્ઞાનવત્સલજીએ બધાને રોજના ૨૪ કલાકમાં ૮ કલાકના ત્રણ ભાગોની સિસ્ટમ અપનાવવા સલાહ આપી હતી. તેમણે કહયું હતું કે, પહેલા ૮ કલાક તમારા કાર્યમાં પુરુષાર્થ કરો. બીજા ૮ કલાકમાં સારી ઉંઘ અને આરામ લેવો. જ્યારે ત્રીજા ભાગના ૮ કલાકમાં થ્રી એફ, થ્રી એચ અને થ્રી એસનો સમાવેશ કરો. થ્રી એફમાં ફેમિલી, ફ્રેન્ડ્સ અને ફેથ. થ્રી એચમાં હેલ્થ, હાઇજીન અને હોબી તથા થ્રી એસમાં સોલ, સર્વિસ અને સ્માઇલ માટે વાપરો. જીવનમાં આ રીતનો અભિગમ રાખશો તો એક બેલેન્સ લાઇફ જીવી શકશો તેમ તેમણે જણાવ્યું હતું.

આ વેબીનારમાં ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે મોડરેટર તરીકે કાનજી ભાલાળાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. સમગ્ર વેબીનારનું સંચાલન ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના હેડ હેમંત દેસાઇએ કર્યું હતું. ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન રોહન દેસાઇએ વકતાનો પરિચય આપ્યો હતો. અંતે ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય નિખિલ મદ્રાસીએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યું હતું.